**સુરતની બીજી ઔદ્યોગિક ન્યાયપંચ(સેન્ટ્રલ)ના પ્રમુખ અધિકારીશ્રી ડી.જે. ચૌહાણ સમક્ષ, મુ.સુરત.**

**રેફરન્સ (આઈ.ટી.સી.) નં.૦૬/૨૦૨૫**

**પ્રથમ પક્ષકાર :–** (૧) ધી ગ્રુપ જનરલ મેનેજરશ્રી
ઓ.એન.જી.સી લીમીટેડ,
હજીરા પ્રોજેક્ટ પોસ્ટ–ભાટપોર, જી. સુરત.

(૨) મેસર્સ માયુ ઈન્સ્ટ્રુમેન્શન
પ. યોગી સ્મૃતિ એપાર્ટમેન્ટ, લાયબ્રેરી નજીક,
નાનપુરા, સુરત.

**વિરુધ્ધ**

**બીજા પક્ષકાર :–** મહેન્દ્રકુમાર ભગુભાઈ પટેલ
નવાપરા સ્ટ્રીટ, મુ.પો. બોચમાઠા,
તા. ચોર્યાસી, જી. સુરત.

**<u>હાજર રહયા:–</u>**
**પ્રથમ પક્ષકાર તરફે** : વિ. વકીલશ્રી જે.બી. જરીવાલા
**બીજા પક્ષકાર તરફે** : વિ. વકીલશ્રી એમ.જી. મેમણ

**–: <u>આંક–૩૬ હેઠળ હુકમ</u> :–**

(૧) સદર અરજી આ કામના પ્રથમ પક્ષકાર નંબર–૧ તરફે રજુ કરી જણાવવામાં આવેલ છે કે, કેસ ચાલતા દરમ્યાન સંસ્થા અને યુનિયન તથા કોન્ટ્રાકટરો વચ્ચે કન્સીલીએશન ઓફીસર, અમદાવાદ સમક્ષ તા.૨૩/૦૪/૨૦૧૩ ના રોજ મેમોરેન્ડમ ઓફ સેટલમેન્ટ થયેલુ છે. જે સેટલમેન્ટ ઔદ્યોગિક વિવાદ ધારો ૧૯૪૭ ની કલમ– ૧૮(૩)(ડી) મુજબ રેફરન્સના તમામ કામદારોને તથા સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને અને સંસ્થામાં કે તેના કોઈ ભાગમાં પાછળથી લેવામાં આવેલા કામદારોને પણ બંધનકર્તા બને છે અને સદર મેમોરેન્ડમ ઓફ સેટલમેન્ટમાં કોન્ટ્રાકટરના કામદારોને ૬૦ વર્ષ સુધી કામ આપવાનું કોન્ટ્રાકટ બદલાય તેવા સંજોગોમાં પણ ઠરાવવામાં આવેલુ હોવાથી અને તેમનો ગ્રુપ

ઈન્શ્યોરન્સ, ગ્રુપ ગ્રેજયુઈટી, ઇ.એસ.આઈ માં સમાવવા તેમજ પ્રવર્તમાન પગારમાં વેતન દર ૩૫ ટકા વધારો કરી આપવાનો નકકી થયેલુ હોવાથી કોન્ટ્રાકટના કામદારોને નોકરીમાં નિયમીત કરવાની તેમજ પગારમાં વધારો કરવાની માંગણીઓ સદર મેમોરેન્ડમ ઓફ સેટલમેન્ટમાં નકકી થઇ ગયેલી હોઈ અને આ મેમોરેન્ડમ ઓફ સેટલમેન્ટ માં પેન્ડીંગ કોર્ટ/ટ્રીબ્યુનલ સમક્ષના કેસો પરત ખેંચવાનું ઠરાવવામાં આવેલ હોવાથી આ રેફરન્સ ચાલવાપાત્ર થતો ન હોઈ સમાધાનના આધારે રેફરન્સને રદ કરવો જોઇએ.

(૨) બીજા પક્ષકારે આંક–૩૬ ની અરજીનો આંક–૪૨ થી જવાબ રજુ કરી જણાવેલુ છે કે, તેઓએ ઉપસ્થિત કરેલા વિવાદ અંગે મોકલવામાં આવેલ ટર્મ્સ ઓફ રેફરન્સનો ન્યાય નિર્ણય કરવાનો બાકી છે તે ન્યાય નિર્ણય કર્યા સિવાય તા.૨૩/૦૪/૨૦૧૩ ના સમાધાન આધારે પ્રથમ પક્ષકારે આપેલ આ અરજી બદદાનતથી આપેલી હોવાથી રદ કરવી જોઈએ. તા.૦૮/૦૪/૨૦૦૦ના ટર્મ્સ ઓફ રેફરન્સને તા.૨૩/૦૪/૨૦૧૩ ના સમાધાન આધારે પાછલી અસરથી રદ કેવી રીતે કરી શકાય તેની કોઈ સ્પષ્ટતા પ્રથમ પક્ષકારે તેમની અરજીમાં કરેલી નથી. વળી, તા.૨૩/૦૪/૨૦૧૩ ના સમાધાનનો અમલ તા.૦૧/૦૪/૨૦૧૨ થી ૫ વર્ષના સમય માટેનો છે તે સંજોગોમાં આ સમાધાન તા.૦૮/૦૪/૨૦૦૦થી અમલમાં આવી શકે નહી. ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો)– ૧૯૪૬ અને મુંબઈ ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમ) નિયમો– ૧૯૫૯ તથા અન્ય મજુર કાયદાઓની જોગવાઈનું પાલન કરવા પ્રથમ પક્ષકાર ઓ.એન.જી.સી. કાયદેસર જવાબદાર છે. આ કાયદાઓમાં ફેરફાર કરવાની સત્તા પાર્લામેન્ટ, વિધાનસભા, જે તે સરકારશ્રીને પ્રાપ્ત છે છતાં સંસ્થા ધ્વારા તા.૨૩/૦૪/૨૦૧૩ ના સમાધાનમાં કેન્દ્ર સરકારશ્રીના ૧૯૯૯ના પ્રતિબંધાત્મક જાહેરનામા અને મજુર કાયદાઓની જોગવાઈઓમાં ગેરકાયદેસર રીતે ફેરફાર કરવામાં આવેલો છે. સંસ્થાએ કરેલા સમાધાનમાં છેલ્લી શરતો જોતાં ઔદ્યોગિક રોજગાર સ્થાયી હુકમ– ૧૯૪૬ અન્વયે નિવૃત્તી વય મર્યાદા નકકી થયેલી છે તેમાં ફેરફાર કરાવવો હોય તો સ્ટેન્ડીંગ ઓર્ડર સરકારશ્રી પાસે નિયમોનુસાર સર્ટીફાઈડ કરાવવા જરૂરી છે. સમાધાનમાં

શ્રમયોગીની સહીઓ ન હોવાથી સ્ટેન્ડીંગ ઓર્ડરની કલમ–૨૭ ની જોગવાઈમાં સમાધાન આધારે કોઈ ફેરફાર થઈ શકે નહી, તે જ રીતે કામ કરવા અશકત બનેલા કામદારોને મેડીકલ તપાસના આધારે તબીબી કારણોસર નોકરીમાંથી દુર કરી શકાશે તે અંગે ફેકટરી એકટ અને અન્ય કાયદાઓમાં જોગવાઈ કરવામાં આવેલી છે તેના અમલ સિવાય સમાધાનથી કોઈ કાર્યવાહી થઈ શકે નહી. કેન્દ્ર સરકારના પ્રતિબંધાત્મક જાહેરનામા આધારીત હાલનો રેફરન્સ કરવામાં આવેલો છે. જે પ્રતિબંધાત્મક વહીવટી આદેશોને માત્ર બંધારણના આર્ટીકલ ૨૨૬, ૨૨૭ હેઠળ હાઈકોર્ટ સમક્ષ જ પડકારી શકાય, સમાધાન આધારે તેને રદ કરી શકાય નહી અને બંધારણના આર્ટીકલ ૧૯(૧)(અ) હેઠળ ભારતીય નાગરીકોને વાણી અને અભિવ્યકિતની સ્વતંત્રતા આપવામાં આવેલી છે. જયારે આર્ટીકલ ૨૧ અન્વયે કાયદા ધ્વારા પ્રસ્થાપિત પ્રક્રિયા સિવાય વ્યકિતગત સ્વતંત્રતાથી વંચિત કોઈ વ્યકિતને રાખી શકાય નહી તેવા જે મુળભુત અધિકારો આપેલા છે તેને સંસ્થા તા.૨૩/૦૪/૨૦૧૩ ના સમાધાનથી ઉલ્લંઘન કરી શકે નહી. રેફરન્સનો નિર્ણય બંને પક્ષકારોના પુરાવા આધારે ગુણદોષ ઉપર થઈ શકે, ગુણદોષ ઉપર કેસ ચલાવવા માટે સંસ્થા તરફથી કોઈ તૈયારી બતાવવામાં આવેલી નથી. શ્રમયોગીનું મૌખિક પુરાવાનું સોગંદનામું રજુ કરવામાં આવેલુ છે જેથી રેફરન્સનો યોગ્ય સમયમાં નિર્ણય આવે તે માટે જરૂરી સમયમર્યાદા નકકી કરી કેસનો ગુણદોષ ઉપર નિકાલ થાય તેવા આદેશો કરવા જોઈએ અને સંસ્થાએ કરેલી અરજી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઈ તે રદ કરવી જોઈએ.

(૩) પ્રથમ પક્ષકાર નંબર–૧ તરફે તેમના વિ.વ.શ્રી જે.બી. જરીવાલા અને બીજા પક્ષકાર સંબંધિત શ્રમયોગી તરફે તેમના વિધ્વાન એડવોકેટ શ્રી એમ.જી. મેમણે મૌખીક દલીલો કરેલી છે જેમાં તેઓએ તેમની અરજી અને જવાબની વિગતોને દોહરાવેલી છે.

(૪) દલીલો ધ્યાને લીધી, રેકર્ડ વંચાણે લીધુ. મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા:-**

**૧.** શું મેમોરેન્ડમ ઓફ સેટલમેન્ટ આધારે રેફરન્સ ચાલવાપાત્ર થતો નથી ?

**૨.** શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ

(૬) મારા નિર્ણયના કારણ નીચે મુજબ છે.

**(એ)** આ કામે પ્રથમ પક્ષકારની રજુઆત એવી છે કે, સંબંધિત શ્રમયોગી મહેન્દ્રકુમાર ભગુભાઈ પટેલને પ્રથમ પક્ષકાર સંસ્થામાં તેઓ જોડાયા તે તારીખથી, કે કોન્ટ્રાકટર મારફતે કામ પર જોડાયા તે તારીખથી અથવા તો કેન્દ્ર સરકારના કોન્ટ્રાકટ ધ્વારા કામ પર લેવા અંગે પ્રતિબંધ જાહેર કરતા જાહેરનામાની તારીખથી કાયમી કરી તેઓને લાભો આપવા જોઈએ કે કેમ? તે અંગે સેન્ટ્રલ ગવર્નમેન્ટ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલને રેફરન્સ તા.૦૮/૦૫/૨૦૦૦ના રોજ કરવામાં આવેલ તે પછી ટ્રાય પાર્ટી સેટલમેન્ટ ઓ.એન.જી.સી. અને સુરત જીલ્લા ભારતીય મજદુર સંઘ વચ્ચે કન્સીલીએશન ઓફીસર તથા રીજીયોનલ લેબર કમીશનર (અમદાવાદ) સમક્ષ તા.૨૩/૦૪/૨૦૧૩ ના રોજ થયેલુ. જે મેમોરેન્ડમ ઓફ સેટલમેન્ટ ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ-૧૨(૩) મુજબ થયેલુ હોઈ તે કાયદાની કલમ-૧૮ અન્વયે સમાધાનના પક્ષકારો અને સંસ્થામાં ભવિષ્યમાં કામ પર લેવામાં આવે તે કામદારોને પણ બંધનકર્તા બને છે અને સમાધાનમાં પેન્ડીંગ કેસો પાછા ખેંચી લેવા બાબતે જોગવાઈ કરવામાં આવેલી છે તે મુજબ શ્રમયોગીએ અને તેમના યુનિયને આ કેસ પાછો ખેંચી લેવાનો રહે છે જે તેમણે પાછો ખેંચેલો ન હોઈ સમાધાન આધારે આ કેસ આગળ ચાલવાપાત્ર થતો નથી. સમાધાનમાં કોન્ટ્રાકટના કામદારની નિવૃત્તી વય મર્યાદા, ગ્રુપ

ઈન્શ્યોરન્સ, ગ્રેજ્યુઈટી, ઈ.એસ.આઈ. બેનીફીટ વિગેરે બાબતે જોગવાઈ કરવામાં આવેલી છે જેથી પણ આ ડીમાન્ડ ચાલવાપાત્ર થતી નથી જેથી રેફરન્સ રદ કરવો જોઈએ. આ બાબતે રેકર્ડ જોઈએ તો, પ્રથમ પક્ષકારે તેમની અરજી સાથે આંક–૩૮ ના લીસ્ટથી તા.૨૩/૦૪/૨૦૧૩ના મેમોરેન્ડમ ઓફ સેટલમેન્ટની ઝેરોક્ષ રજુ કરેલી છે તેમાં કન્સીલીએશન ઓફીસર અને રીજીયોનલ કમીશનર (સેન્ટ્રલ), અમદાવાદ સમક્ષ કન્સીલીએશન કાર્યવાહી દરમ્યાન પ્રથમ પક્ષકાર ઓ.એન.જી.સી. લીમીટેડ ના હજીરા ખાતે કામ કરતા જુદા–જુદા જોબ કોન્ટ્રાકટર અને તેમના કામદારોનું પ્રતિનિધિત્વ સુરત જીલ્લા ભારતીય મઝદૂર સંઘ ધ્વારા કરવામાં આવતુ હતુ તેઓ વચ્ચે કોન્ટ્રાકટરના કામદારો જેઓ ઓ.એન.જી.સી. હજીરા ખાતે કામ કરે તેઓની નોકરીમાં નિયમીત કરવા બાબતેની માંગણી સંદર્ભે કાયદાની કલમ–૧૨(૩) મુજબનું સમાધાન થયેલ. જેમાં સુરત જીલ્લા ભારતીય મઝદૂર સંઘ, સુરતના ૩ મેમ્બરો, કોન્ટ્રાકટર મેસર્સ ગ્લોબલ એસ.એસ. કંસ્ટ્રકશન પ્રાઈવેટ લીમીટેડના પ્રતિનિધિ અને મેસર્સ નિલેશ જે. પટેલના એન્જીનીયર, મેસર્સ પેપીલોન ઈન્ડસ્ટ્રીયલ કેટરીંગ એન્ડ હાઉસ કીપીંગ કોન્ટ્રાકટરના પ્રતિનિધિ, મેસર્સ સોરમન એન્જીનીયરીંગ પ્રાઈવેટ લીમીટેડના પ્રતિનિધિ અને ઓ.એન.જી.સી. લીમીટેડ સંસ્થાના પ્રતિનિધિઓ હાજર રહેલા અને વેજ રીવીઝન, કોન્ટ્રાકટરના કામદારોની જોબ સિકયોરીટી, કોન્ટ્રાકટરના કામદારોનું ગ્રુપ ઈન્શ્યોરન્સ, કોન્ટ્રાકટરના કામદારોને ઈ.એસ.આઈ નો લાભ આપવા બાબત સમાધાન થયેલ અને સદર સમાધાનમાં કલોઝ–૬ થી કોર્ટમાં પેન્ડીંગ નોકરીમાં નિયમીત કરવાની માંગણી બાબતના તેમજ વેતનમાં વધારો કરવાની માંગણી અંગેના કેસો પાછા ખેંચી લેવા બાબતે નકકી થયેલુ. જે સમાધાનમાં તમામ હાજર પક્ષકારોએ તેમની સહીઓ કરેલી છે. સદર સમાધાનથી નકકી થયેલ પેકેજનો લાભ કોન્ટ્રાકટરના કામદારોને કઈ રીતે આપવામાં આવશે તે બાબત કલોઝ–૬ માં જણાવેલી છે. કલોઝ–૬ નીચે મુજબ છે.

**6. <u>Withdrawal of pending court/tribunal cases relating to demand for regularization and revision of wages</u> :**

Considering the whole package of benefit which is to be ensured by the ONGC management to be extended to the contract labor deployed in their operations by the contractors, it is agreed that with the above terms of settlement, the demand of the workers represented by the signatory trade unions for regularization of contract workers and revision of wages pending in any forum namely CGIT/Industrial Tribunal/Labour Court etc. shall stand resolved with immediate effect as the same is taken care in Clause 1 and 2 of Terms of Settlement under Job Security of contractual employees.

Further it is also agreed that the concerned signatory trade unions shall submit a petition to the appropriate forum along with the copy of Settlement for withdrawal of the petition within 30 days. The enhanced wages/benefits will be applicable only to those contract workers who submit their consent/application to the concerned signatory union accepting the terms and conditions of this settlement by 31st May, 2013.

સદર કલોઝ–૬ વંચાણે લેતા તેમાં સ્પષ્ટપણે પગાર વધારો અને લાભો તે જ કોન્ટ્રાકટરના કામદારોને મળવાપાત્ર થશે કે જે કોન્ટ્રાકટરના કામદારો તેમની સંમતી આપે અથવા તો સંબંધિત સહી કરનાર યુનિયનને તા.૩૧/૦૫/૨૦૧૩ સુધી સદર સમાધાનની શરતો અને બોલીઓ તેમને કબુલ છે તે બાબતની અરજી આપે તેઓને જ મળવાપાત્ર થશે તેમ જણાવેલુ છે.

આ કેસનું રેકર્ડ જોઈએ તો, આ કામમાં બીજા પક્ષકાર શ્રમયોગી તરફે આંક–૩૨ થી તા.૧૯/૦૩/૨૦૧૮ ના રોજ પુરાવાનું એફીડેવીટ રજુ કરવામાં આવેલુ છે અને આંક–૩૦ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે પણ તે પછી તેઓની કોઈ ઉલટતપાસ થયેલી નથી અને

લાંબા સમયથી સદર કેસ શ્રમયોગીની ઉલટતપાસના તબક્કે પેન્ડીંગ છે અને ઉલટતપાસ કરવાના બદલે પ્રથમ પક્ષકાર ધ્વારા આ અરજી રજુ કરવામાં આવેલી છે. કલોઝ–૬ ની જોગવાઈ જોતા સ્પષ્ટ રીતે કોન્ટ્રાકટરના જે કામદારો પોતાની સંમતી આપે અથવા તો યુનિયન મારફતે મેમોરેન્ડમ ઓફ સેટલમેન્ટની શરતો અને બોલીઓ તેમને કબુલ છે તેવી અરજી આપે તો તેઓને મેમોરેન્ડમ ઓફ સેટલમેન્ટના લાભો મળવાપાત્ર થાય છે. જે કોન્ટ્રાકટરના કર્મચારી સદર મેમોરેન્ડમ ઓફ સેટલમેન્ટના લાભો મેળવવા માટે સંમતી આપે નહી તેઓને સદર સેટલમેન્ટના લાભો પ્રથમ પક્ષકાર સંસ્થાએ આપેલા નથી. જેથી સંમતી ન આપનાર શ્રમયોગીનો રેફરન્સ સદર મેમોરેન્ડમ ઓફ સેટલમેન્ટ આધારે રદ થઈ શકે નહી. સદર મેમોરેન્ડમ ઓફ સેટલમેન્ટની જોગવાઈ શરતી હોઈ, શરતોનું પાલન થાય તો જ તે સેટલમેન્ટ લાગુ પડે તેમ હોઈ સેટલમેન્ટના આધારે સંમતી ન આપનાર કામદારોનો કેસ આગળ ચલાવવાનો રહે છે. તેથી રેફરન્સ રદ થઈ શકે તેમ નથી. સંસ્થા ધ્વારા સદર હકીકતની સ્પષ્ટપણે તેમને જાણકારી હોવા છતાં શ્રમયોગીની ઉલટતપાસના તબક્કે આ અરજી તેઓએ આપેલી છે જે સ્પષ્ટ રીતે તેઓનો ઈરાદો કેસ કાર્યવાહી લંબાય તેવો છે તેમ સુચવે છે. સદર ડીમાન્ડ ૨૦૦૦ ના વર્ષની છે અને ૨૬ વર્ષ જેટલો સમય પસાર થયેલો છે. ૨૦૧૩ ના સમાધાન પછી પણ ૧૩ વર્ષ પસાર થઈ થયેલા છે. સંસ્થાએ સમાધાન આધારે રેફરન્સ રદ કરવા બાબતે તાત્કાલીક કોઈ કાર્યવાહી કરેલ નથી કે સમાધાન આધારે આ ડીમાન્ડ રેફરન્સ ચાલવાપાત્ર થતો નથી તે બાબતે નામદાર હાઈકોર્ટ સમક્ષ કોઈ કાર્યવાહી કરેલી નથી. જેથી કેસ લંબાવવાના ઈરાદે આપેલી આ અરજી ખર્ચ સહિત નામંજુર કરવી વ્યાજબી જણાય છે. જેથી મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**(બી)** પ્રથમ પક્ષકારના વિ.વ.શ્રી જે.બી. જરીવાલાએ તેમની દલીલમાં જણાવેલુ છે કે, રજુ થયેલ સમાધાન મુજબ યુનિયન ધ્વારા ડીમાન્ડ રેફરન્સ પરત ખેંચી લેવાનો રહેતો નથી જે તેમણે પાછો ખેંચેલ નથી. સમાધાન આધારે કોન્ટ્રાકટ લેબર ધ્વારા ઉપસ્થિત કરવામાં આવેલી માંગણીઓ કુલફીલ થઈ જતી હોવાથી રેફરન્સને ગુણદોષ ઉપર ચલાવવાનો પ્રશ્ન રહેતો

નથી જેથી રેફરન્સ રદ કરવો જોઈએ. તેઓની રજુઆત આ કામના સંબંધિત શ્રમયોગીએ તેઓને લેખિત સંમતી સંબંધિત યુનિયનને સમાધાનની શરતો અને બોલીઓ તેમને કબુલ મંજુર છે તે બાબતે તા.૩૧/૦૫/૨૦૧૩ સુધીમાં આપેલ ન હોવાથી અને સંસ્થા ધ્વારા કે કોન્ટ્રાકટર ધ્વારા સદર મેમોરેન્ડમ ઓફ સેટલમેન્ટ મુજબના લાભો આ કામના સંબંધિત શ્રમયોગીને કે તેમના જેવા અન્ય કોન્ટ્રાકટરના કામદાર કે જેમણે પણ લેખિત સંમતી આપેલી નથી તેમને આપવામાં આવેલા હોય તેવો કોઈ પ્રથમ દર્શનીય પુરાવો રજુ થયેલો ન હોઈ ગ્રાહ્ય રાખવાપાત્ર થતો નથી.

(૭) જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: <u>હુકમ</u> :–**

**૧.** આથી પ્રથમ પક્ષકારની આંક–૩૬ ની અરજી રદ કરવામાં આવે છે.

**૨.** આથી પ્રથમ પક્ષકાર સંસ્થાએ રૂા.૧૦૦૧/–(અંકે રૂપિયા એક હજાર એક પુરા) લીગલ સર્વીસ ઓથોરીટી, સુરત સમક્ષ ખર્ચ પેટે જમા કરાવવા તેવો હુકમ કરવામાં આવે છે.

**૩.** પ્રથમ પક્ષકાર આ હુકમની જાણ થયાના દિન–૧૫ માં ખર્ચની રકમ જમા ન કરાવે તો તેઓનો બચાવ કરવાનો હકક બંધ ગણી આગળ કાર્યવાહી કરવામાં આવશે.

**૪.** આજ રોજ સદર હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ: સુરત.**
**તારીખ:૨૫/૦૨/૨૦૨૬.**

**(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**જીજે૦૦૭૮૦**
**પ્રમુખ અધિકારી,**
**ઔદ્યોગિક ન્યાયપંચ નં.૨, સુરત.**